Letter No: SJED/0638/03/2024 Dt: 28-03-2024

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પરિપત્ર ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/3193/A Section

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૩/૨૦૨૪.

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૧૧/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૭/૨૭૦૫૭૬/અ.

(૨) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૦૬/૧૨/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: પવવિનિ/મકમ/૬૩૮૦/૨૩.

**આમુખ :-**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તા.૨૮/૧૧/૨૦૨૩ ના ઠરાવથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની કુલ ૦૮(આઠ) નિયમિત મહેકમની જગ્યાઓ તથા આઉટસોર્સથી કુલ ૦૮(આઠ) જગ્યાઓ મળી કુલ ૧૬ જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. ઉપરોક્ત મુદત પૂર્ણ થનાર હોઇ, સદર જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના તા.૦૬/૧૨/૨૦૨૩ ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત અન્વયે નીચે મુજબની કુલ ૦૬ (છ) નિયમિત હંગામી જગ્યાઓને નીચેની શરતોને આધિન તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજૂર થયેલ હંગામી જગ્યા | વર્ગ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેક્ટર | ૧ | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૧ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ |
| ૪ | કચેરી અધીક્ષક | ૩ | ૧ |
| ૫ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૩ | ૧ |
| ૬ | ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૩ | ૧ |
| કુલ હંગામી જગ્યા | | | ૦૬ |

**શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૯) નાણાં વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: **FD/ZMR/e-file/4/2023/0336/Z1** તથા અન્ય વખતોવખતની તમામ આનુષાંગિક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) અબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા આ વિભાગ મારફતે નાણાં વિભાગનો પરામર્શ કરી, અબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.

નિગમની ઉક્ત દરખાસ્તમાં દર્શાવેલ ખાલી પડેલ પટાવાળાની ૨(બે) જગ્યાઓ તથા આઉટસોર્સની અન્ય ૮(આઠ) જગ્યાઓને ચાલુ રાખવા કરકસર(પ્રભાગ), નાણા વિભાગની મંજૂરી માટે અલગથી દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા.૨૬/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

હરિત આર. દોશી
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સા.ન્યા.અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર- પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪